સાપ્તાહિક
# ક્રાઈમ કિંગ
CRIME KING (weekly)
EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392
PRINTED MATTER
To,

* AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 13 * Issue No. 14 * Date : 17-07-2026 * Friday * Page No.4 * Rs.01.00 * Annual Rs.50/-


# જગન્નાથ પુરીની ઝાંખી કરાવતા અડાલજ જગન્નાથ મંદિરની પંચમ રથયાત્રાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી



અડાલજ સ્થિત જગન્નાથ મંદિર ખાતેથી જગન્નાથ પુરીની ઝાંખી કરાવતી ભવ્ય રથયાત્રાનો મંગળ પ્રારંભ થયો છે. ભગવાન જગન્નાથજીની નગરચર્યાના આ પાવન અવસરે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સુવર્ણની છાંટ વાળા સાવરણાથી 'પહિંદ વિધિ' કરી હતી અને ભગવાનની મંગળા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

અડાલજ જગન્નાથ મંદિરની રથયાત્રાનું આ પાંચમું વર્ષ છે. સવારે ૯:૦૦ કલાકે શરૂ થયેલી આ રથયાત્રા પૂર્વે મંદિર પ્રશાસન દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું પુષ્પહાર અને પરંપરાગત પાઘડી પહેરાવીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ 'જય જગન્નાથન'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. મંદિર પરિસરેથી નીકળેલી આ રથયાત્રા શનિ મંદિર, ઉવારસદ બ્રિજ અને અડાલજ સર્કલ થઈને મા અન્નપૂર્ણા મંદિર ખાતે પહોંચશે. અન્નપૂર્ણા મંદિર ખાતે તમામ ભક્તો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં અલ્પવિરામ બાદ રથયાત્રા પુનઃ નિજ મંદિરે પરત ફરશે. ઉલ્લેખનીય છે કે, આ મહોત્સવની પૂજા વિધિ અને આરતીમાં મુખ્યમંત્રીશ્રીની સાથે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, રાજ્યસભાના પૂર્વ સાંસદ શ્રી નરહરિભાઈ અમીન સહિત અનેક પૂર્વ સનદી અધિકારીઓ, રાજકીય-સામાજિક અગ્રણીઓ અને મહાનુભાવો તથા ગુજરાતમાં વસતા ઓડિશા વાસીઓએ ઉપસ્થિત રહી પ્રભુના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું.

### ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા-અમદાવાદ

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે અમદાવાદના જગન્નાથજી મંદિર ખાતે મંગળા આરતી કરી ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે આજે અષાઢી બીજ નિમિત્તે ૧૪૯મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ, ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ સહભાગી થયા હતા.

દેશભરના લાખો ભક્તોમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દૃઢ આસ્થા છે.

પ્રતિ વર્ષ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે.

ત્યારે રથયાત્રા પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે સપરિવાર ભગવાન જગન્નાથજીની મંગળા આરતી અને પૂજા-અર્ચના કરી હતી.

અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન આજની રથયાત્રાના આ પાવન અવસરે અમદાવાદ મંદિરના મહંત દિલીપદાસજી તથા સંતો-મહંતો તેમજ ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## તંત્રી લેખ

# જળ સંસાધનો રાજકીય સંઘર્ષના પણ સ્ત્રોત

૨૦ મી સદી ક્રુડ ઓઈલની જયારે ૨૧ મી સદી પાણીની ગણાય છે. પૃથ્વી પર વધતી જતી વસ્તીની સાથે પાણીનો વપરાશ પણ વધતો જાય છે. વિશ્વમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધી સહિતની ૨૦૦ કરતા પણ વધુ જળ સંધીઓ અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત ૩૧૦ જેટલી આંતરરાષ્ટ્રીય નદીઓ અને ઘાટીઓમાંથી અડધાથી વધુમાં કોઈ આંતરરાષ્ટ્રીય સમજૂતી કે સંયુકત બેસિનનો અભાવ છે. એક કરતા વધુ દેશમાંથી પસાર થતા સહિયારા જળ સ્ત્રોત જેવા કે નદી, ઝરણા સંઘર્ષનું નિમિત્ત બનતા રહે છે. એક માહિતી મુજબ વિશ્વમાં ૪ અબજ લોકો બે કે વધુ દેશોની રાજકિય સરહદો પાર કરીને જતી નદીઓ,ઘાટી કે તેની આસપાસના વિસ્તારમાં રહે છે. પાણી જીવનનું અમૃત અને સતત સામાજિક-આર્થિક વિકાસનો આધાર છે. પહેલું જળયુધ્ધ ૪૫૦૦ વર્ષ પહેલા મેસોપોટામિયાના ઉમ્મા અને લાગાશ નામના બે વિસ્તારો વચ્ચે ટાઈગ્રીસ નદીના સિંચાઈના પાણી માટે થયું હતું. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન રોયલ એર ફોર્સ સ્કવાડ્રન ૬૧૭ને અમેરિકાના ડેમ બસ્ટર્સનું ઉપનામ મળ્યું હતું. ૧૬ મે ૧૯૪૩ના રોજ ઓપરેશન ચેસ્ટિસ હેઠળ બાઉસિંગ બોંબનો ઉપયોગ કરીને જર્મનીના મોહને અને એડરસી ડેમ તોડયા હતા. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે જોર્ડન નદી પરના જળનું નિયંત્રણ એક લાંબો અને જટિલ સંઘર્ષ રહયો છે. ઈઝરાયેલ જોર્ડન નદી પર અપસ્ટ્રીમ રિપેરિયન છે. જોર્ડનની એક સહાયક નદી યાર્મુક સીરિયા અને જોર્ડન વચ્ચે ૩૨ કિમી અને ત્યાર પછી ઈઝરાયેલ અને જોર્ડન વચ્ચે ૧૪ કિમીનો સીમા વિસ્તાર ધરાવે છે. આરબ -ઈઝરાયેલ યુદ્ધ પછી શંકા અને દુશ્મનાવટના માહોલમાં જોર્ડન-યાર્મુક નદીના પાણીની વહેંચણી એક મોટી સમસ્યા તરીકે ઉભરી આવી હતી. એક નવા પ્રકારના ઘર્ષણને ટાળવા યુએસના આઈઝનહોવર પ્રશાસને ૧૯૫૫માં નવી સમજૂતી રજૂ કરી હતી. એરિક જોનસન નામની આ સમજુતી હેઠળ ઈઝરાયેલને ૪૦૦ એમસીએમ પાણી, જોર્ડનને ૭૨૦ એમસીએમ, સીરિયાને ૧૩૨ એમસીએમ અને લેબનોનને ૩૫ એમસીએમ પાણી ફાળવવાનો પ્રસ્તાવ હતો. આ યોજનામાં જળ સંસાધનો વિકસિત કરવા માટે એક સંયુકત પ્રયાસ માટેની પરિકલ્પના પણ કરવામાં આવી હતી.આરબ દેશોએ સંયુકત પ્રયાસમાંથી હાથ ઉંચા કરી લીધા કારણ કે તેઓ આ રીતે ઈઝરાયેલને એક દેશ તરીકે માન્યતા આપવા રાજી ન હતા. આરબ દેશોનું વલણ જોતા અમેરિકાએ જોર્ડન નદીનું પાણી વાળવા માટે ઈઝરાયેલને સમર્થન જાહેર કર્યું. હુસૈની અને સીરિયાઈ બાથ પાર્ટીની નાસેરવાદી વિંગે ઈઝરાયેલ વિરુધ સૈન્ય કાર્યવાહીનો આગ્રહ કર્યો. ઈઝરાયેલની જળ વિતરણ વ્યવસ્થા રોકવા બનિયાસ અને હસબાની ઉપનદીઓના પાણીને વાળી લેવાની યોજના સમજાવી હતી. જોર્ડન નદીની જળ નિકાસી અને બેઝિનના જળ સ્ત્રોતો પર નિયંત્રણ માટે નવેમ્બર ૧૯૬૪ થી મે ૧૯૬૭ વચ્ચે ઈઝરાયેલ અને અરબ પાડોશીઓ વચ્ચેના સંઘર્ષની જ એક કડી હતી જેને જળ યુધ્ધ કે જળ લડાઈ તરીકે પણ ઉલ્લેખવામાં આવે છે. જળવિવાદની વાત નિકળે ત્યારે પ્રાચીન યુફ્રેટીસ અને ટાઈગ્રીસ નદીઓનો પણ ઉલ્લેખ થાય છે. દુનિયાની સૌથી પ્રાચીન સભ્યતામાંની એક ગણાતી મેસોપોટામિયા આ બે નદીઓના કાંઠે પાંગરી હતી. આ નદીઓ તુર્કી,સીરિયા અને ઈરાકમાં થઈને વહે છે. યુફ્રેટીસ (ફુરાત) નદી દક્ષિણી તુર્કીના પહાડોમાંથી નિકળે છે. આ સીરિયાઈ ક્ષેત્રમાં પ્રવેશ કરતા પહેલા તુર્કીમાં ૧૧૭૮ કિમી વહે છે.દક્ષિણ પૂર્વી તુર્કીમાં યુફ્રેટીસ નદી પર અતાતુર્ક નામનો એક વિશાળ બંધ છે. ઈરાકમાં આ નદી ૧૧૬૦ કિમી જેટલી લાંબી છે. તુર્કીથી ઈરાકના દક્ષિણ ભાગમાં ટાઈગ્રીસ નદી સાથે સંગમ સુધીની કુલ લંબાઈ ૨૯૪૦ કિમી છે. ટાઈગ્રીસ જેને દજલા નદી પણ કહેવામાં આવે છે જે તુર્કીના તોરોસ પર્વતથી દક્ષિણ પૂર્વી ભાગથી નિકળીને ઈરાકમાં દક્ષિણ પૂર્વ બાજુ ૧૮૪૦ કિમી વહીને કુરાના નામના સ્થળે યુફ્રેટીસ(ફુરાત) નદીને મળે છે. આ બંને નદીઓ દક્ષિણ પૂર્વમાં ૧૯૨ કિમી વહીને ફારસની ખાડીને મળે છે. દજલાના કાંઠે બસરા,બગદાદ અને મૌસુલ જેવા અગત્યના શહેર છે. ૧૯૬૦થી ૧૯૯૦ના દાયકા સુધી આ નદીઓના અધિકાર ક્ષેત્રને લઈને તુર્કી,સીરિયા અને ઈરાક વચ્ચે વિવાદ ચાલ્યો હતો. તુર્કીએ બંને નદીઓને આંતરરાષ્ટ્રીય જળનો દરજ્જો આપવાનો ઈન્કાર કરીને વહેણની નીચેની તરફના દેશોને પાણીનો અધિકાર આપવાની ના પાડી હતી. હજુ પણ આ નદીઓના પાણીને લઈને ત્રણેય દેશો વચ્ચે કચવાટ યથાવત છે. આફ્રિકાની સૌથી મોટી નાઈલ નદી કુલ ૧૦ દેશોમાંથી પસાર થાય છે. દુનિયાની પણ વિશાળ નદી ગણાતી નાઈલ પર ઈથિઓપિયાએ ૪ અબજ ડોલરના ખર્ચે ગ્રેંડ ઈથિઓપિન રેનસાં (જીઈટી) નામનો બંધ બાંધવાની શરુઆત કરી ત્યારે ઈજિપ્ત અને સુદાને વિરોધ કર્યો હતો.

# અંબાજી ભંડારામાં હવે દાનની ગણતરી LED સ્ક્રીન પર થશે લાઈવ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અંબાજી,

દેશના અગ્રણી શક્તિપીઠોમાં ગણાતા અંબાજી મંદિરમાં ભંડારા (દાનપેટી)માંથી ચોરીના કેસ બાદ મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે. દાનની ગણતરી દરમિયાન કથિત ચોરીના કેસમાં સંડોવણીના આરોપસર ત્રણ કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. સાથે જ ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે દાનની ગણતરી પ્રક્રિયામાં અનેક નવી સુરક્ષા અને પારદર્શિતાની વ્યવસ્થાઓ અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે.

બે મહિના પહેલાં ભંડારાની નિયમિત ગણતરી દરમિયાન દાનની રકમમાંથી નોટો ચોરી થયાનો મામલો સામે આવ્યો હતો. મંદિર ટ્રસ્ટની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ત્રણ કર્મચારીઓની સંડોવણી સામે આવ્યાનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા કલેક્ટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષે સંબંધિત કર્મચારીઓને સેવા પરથી બરતરફ કરવાનો નિર્ણય લીધો છે.

ઘટના બાદ મંદિર ટ્રસ્ટે દાનની ગણતરીની સમગ્ર પ્રક્રિયામાં સુધારા કરવાનો નિર્ણય લીધો છે. નવી વ્યવસ્થા મુજબ ભંડારા ગણતરી રૂમની અંદર અને બહાર ૨૦થી વધુ હાઈ-ડેફિનેશન **CCTV** કેમેરા લગાવવામાં આવશે. આ તમામ કેમેરાનું રેકોર્ડિંગ ઓછામાં ઓછા છ મહિના સુધી સુરક્ષિત રાખવામાં આવશે, જેથી જરૂર પડ્યે તેની સમીક્ષા કરી શકાય.સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ગણતરી રૂમમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ કર્મચારીઓ માટે ડ્યુઅલ મેટલ ડિટેક્ટર ચેકિંગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઉપરાંત દાનની ગણતરી દરમિયાન કર્મચારીઓની અવરજવર અને સમગ્ર પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવશે.

મંદિર ટ્રસ્ટનો સૌથી મહત્વપૂર્ણ નિર્ણય એ છે કે હવે દાનની ગણતરીની પ્રક્રિયાનું ચાચર ચોક ખાતે સ્થાપિત ન્ઈઢ સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ પગલાથી શ્રદ્ધાળુઓ પણ પોતાની સામે દાનની ગણતરી જોઈ શકશે, જેના કારણે સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વાસ વધારવાનો હેતુ છે.વહીવટી તંત્રનું કહેવું છે કે અંબાજી મંદિર કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે અને દાનની એક-એક રકમ શ્રદ્ધાળુઓના વિશ્વાસ સાથે જોડાયેલી છે.

# કાલાવડ નજીક ડિગ્રી વિના દવાખાનું ચલાવતો કથિત બોગસ ડોક્ટર ઝડપાયો

## દરોડામાં ૧૭,૯૮૬નો મુદ્દામાલ કબજે; મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

જામનગર,

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડુકિયા ગામમાં ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવવાના મામલે પોલીસે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પાસે માન્ય મેડિકલ ડિગ્રી અથવા પ્રેક્ટિસ માટે જરૂરી કાનૂની લાયકાત ન હોવા છતાં તે દર્દીઓને સારવાર આપતો હોવાનો આરોપ છે. ઘટનાના પગલે પોલીસે દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ શરૂ કરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસને મળેલી બાતમીના આધારે આરોગ્ય વિભાગના અધિકારીની હાજરીમાં સંયુક્ત દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્રવીણભાઈ પરસોતમભાઈ હીરપરા (ઉંમર ૫૦), રહે. મોટા ભાડુકિયા ગામ, પાસે વિવિધ કંપનીઓની એલોપેથી દવાઓ, સારવારમાં ઉપયોગી મેડિકલ સાધનો તેમજ રોકડ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી કુલ ૧૭,૯૮૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપી પાસે દર્દીઓની સારવાર કરવા માટે જરૂરી મેડિકલ ડિગ્રી અથવા સત્તાવાર નોંધણીના દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હોવાનું પોલીસનું કહેવું છે. આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (**BNS**)ની સંબંધિત કલમો તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની પૂછપરછ શરૂ કરી છે અને તે કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચલાવતો હતો, કેટલા દર્દીઓને સારવાર આપી હતી અને અન્ય કોઈ વ્યક્તિ તેની સાથે સંકળાયેલી છે કે નહીં તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે સારવાર માટે હંમેશા નોંધાયેલા અને અધિકૃત ડોક્ટરોનો જ સંપર્ક કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિ પાસે યોગ્ય લાયકાત અને નોંધણી વગર સારવાર આપવામાં આવતી હોવાની માહિતી મળે તો તેની જાણ તાત્કાલિક આરોગ્ય વિભાગ અથવા પોલીસને કરવી જોઈએ.

# જાહેરમાં કચરો ફેંકતા વેપારીઓ સામે મનપાની લાલ આંખ

(સંપૂર્ણ સમાચાર સેવા)

જામનગર,

જામનગર મહાનગરપાલિકાએ શહેરમાં જાહેર સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા માટે કોમર્શિયલ એકમો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. મહાનગરપાલિકા કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેરભરના ૮૦૦થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ, લારી-ગલ્લા અને અન્ય વેપારી એકમોને ન્યૂસન્સ નોટિસ ફટકારવામાં આવી છે. શહેરમાં જાહેર સ્થળોએ કચરો ફેંકવાની અને ગંદકી ફેલાવવાની ઘટનાઓ રોકવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મનપા દ્વારા આપવામાં આવેલી નોટિસમાં તમામ વેપારીઓને પોતાના ધંધાકીય સ્થળે ફરજિયાત ડસ્ટબિન રાખવા, ગ્રાહકો દ્વારા કચરો યોગ્ય સ્થળે જ નાખવામાં આવે તેની ખાતરી કરવા તેમજ ગંદા પાણી અથવા અન્ય કચરાનો જાહેરમાં નિકાલ ન કરવા સૂચના આપવામાં આવી છે. વેપારીઓને તેમના એકમની આસપાસ સ્વચ્છતા જાળવવાની અને મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સેવાનો જ ઉપયોગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. મહાનગરપાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નોટિસમાં દર્શાવેલા નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો પ્રથમ તબક્કે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો થકી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તો આજે ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા મહાનગર અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ સ્થળોએ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આરોગ્યપ્રદ દીર્ઘાયુષ્ય અને રાજયના સર્વાંગી વિકાસની કામના સાથે વિશેષ પૂજા-અર્ચના તથા ગૌસેવા કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરના વિવિધ વિસ્તારોમાં ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓએ સફાઈ કાર્ય દ્વારા શ્રમદાન કર્યું હતું. આ ઉપરાંત બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે ગાંધીનગર મહાનગરની ૧૧૧ આંગણવાડીઓના બાળકોને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં, રંગમંચ, સેકટર-૧૬ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની વિવિધ સફાઈ કર્મી બહેનોને સાડી વિતરણ કરીને તેમના સેવાકાર્યને બિરદાવવામાં આવ્યું હતું તેમજ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર, સેકટર-૧૨ ખાતે કાર્યરત કુસુમબા નિઃશુલ્ક આહાર કેન્દ્રમાં દર્દીઓના સ્વજનોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિવિધ સેવાકીય કાર્યક્રમોમાં રાજયસભા સાંસદ શ્રી રાજુભાઈ શુકલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપાના પદાધિકારીઓ, નગરસેવકો તથા કાર્યકરો સહભાગી બન્યા હતા.

## ગાંધીનગર જિલ્લામાં નશીલા પદાર્થોના સેવન માટે વપરાતા ‘રોલિંગ પેપર’ અને ‘સ્મોકિંગ કોન’ ના સંગ્રહ, વેચાણ અને હેરફેર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ

ગાંધીનગર જિલ્લામાં સગીરો અને યુવાનો દ્વારા વિવિધ નશીલા પદાર્થો જેવા કે ચરસ અને ગાંજાના સેવન માટે ઉપયોગમાં લેવાતી સ્મોકિંગ એસેસરીઝ જેવી કે ‘રોલિંગ પેપર’ અને ‘સ્મોકિંગ કોન’ ના ગેરકાયદેસર ઉપયોગ, સંગ્રહ, વેચાણ અને હેરફેર પર ઈ.ચા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ દ્વારા તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમ તા.૧૫/૦૭/૨૦૨૬ થી ૧૨/૦૯/૨૦૨૬ સુધી સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તાર તેમજ પશ્ચિમ રેલ્વે પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં અમલી રહેશે. રાજયના ફોરેન્સિક સાયન્સ નિયામક (હ્રજીન) ના સત્તાવાર અભિપ્રાય અનુસાર, વનસ્પતિજન્ય નાર્કોટિક પદાર્થોના ધુમ્રપાન માટે રોલિંગ પેપર આધારિત એસેસરીઝ ડ્રગ પેરાફર્નાલિયા તરીકે કામ કરે છે. તેના ઉપયોગથી નશીલા દ્રવ્યોનું શરીરમાં ખૂબ જ ઝડપી શોષણ થાય છે, જેના લીધે વ્યક્તિની ડ્રગ પર નિર્ભરતા વધે છે અને અચાનક વધુ માત્રામાં ડ્રગ્સ લેવાઈ જવાની ગંભીર સંભાવના રહેલી છે. વધુમાં, આ રોલિંગ પેપર બળવાથી ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો જેવા કે ટાર, કાર્બન મોનોક્સાઈડ અને અન્ય ઉત્તેજકો માનવ ફેફસાં તેમજ હૃદય સંબંધિત કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમને ગંભીર નુકસાન પહોંચાડે છે. વિવિધ સામાજિક સંગઠનો, પ્રતિનિધિઓ અને મીડિયા દ્વારા મળેલી રજૂઆતો તેમજ ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો મુજબ, ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારો, પાન પાર્લરો, ચાની દુકાનો, કરિયાણાની દુકાનો તેમજ ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ દ્વારા આવી સ્મોકિંગ એસેસરીઝ સરળતાથી ઉપલબ્ધ બનતી હોવાથી સગીરો અને યુવાપેઢીના શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ કડક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.માટે આ જાહેરનામાના કોઈ પણ નિયમનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકો અને ખાસ કરીને વેપારી વર્ગને આ નિયમોનું ચુસ્ત પાલન કરવા અને યુવાધનને નશાના દૂષણથી બચાવવા માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

## પાટણમાં મહિલાને સળગાવવાના કેસમાં સારવાર દરમિયાન મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

પાટણ,

પાટણ શહેરના ટાંકવાડા વિસ્તારમાં નાણાંની ઉઘરાણીના વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં એક મહિલાના મોતની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ વ્યાજે લીધેલા ૫ હજારની ઉઘરાણી દરમિયાન મહિલાને જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવ્યાનો આરોપ છે. ગંભીર રીતે દાઝેલી મહિલાને સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. મહિલાના મોત બાદ પોલીસે આરોપી સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ મૃતક મહિલા પિક્રીબહેને આશરે એક મહિના પહેલાં ઘરખર્ચ માટે ?૫ હજાર વ્યાજે લીધા હતા. ફરિયાદ અનુસાર, રકમ પરત માંગવા આરોપી તેમના સંપર્કમાં આવ્યો હતો. આ દરમિયાન નાણાં તાત્કાલિક પરત આપવાની સ્થિતિ ન હોવાનું જણાવતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે બોલાચાલી દરમિયાન આરોપીએ મહિલા પર જ્વલનશીલ પ્રવાહી છાંટ્યું અને ત્યારબાદ આગ લગાડી દીધી. ઘટનાના પગલે મહિલા ગંભીર રીતે દાઝી ગઈ હતી. આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહિલાને ધારપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

## ચાંદખેડામાં આતંક મચાવનાર બુટલેગર પિતા-પુત્ર જેલભેગા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી પ્રહલાદ પાર્ક સોસાયટીમાં બુટલેગર દ્વારા સ્થાનિક રહીશો પર કરવામાં આવેલા હિંસક હુમલાના મામલામાં પોલીસે સપાટો બોલાવ્યો છે. સોસાયટીમાં આતંક મચાવી ભયનું વાતાવરણ ઊભું કરનારા મુખ્ય બુટલેગર પિતા-પુત્રની પોલીસે ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ પૃથ્વી પઢિયાર અને તેના પિતા કિશોર પઢિયાર તરીકે થઈ છે, જેમણે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.ધરપકડ કર્યા બાદ ચાંદખેડા પોલીસ બંને આરોપી પિતા-પુત્રને એ જ પ્રહલાદ પાર્ક સોસાયટીમાં લઈ ગઈ હતી જ્યાં તેમણે સ્થાનિક લોકો પર હિંસક હુમલો કર્યો હતો. સોસાયટીના રહીશોની હાજરીમાં જ બંને આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢીને પોલીસે તેમને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસની આ કડક અને પ્રશંસનીય કાર્યવાહીને પગલે વર્ષોથી ડરના ઓથાર હેઠળ જીવતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે અને ગુનેગારોમાં કાયદાનો ડર પેસ્યો છે. આ મામલામાં પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે. આ બુટલેગર પિતા-પુત્ર અન્ય કોઈ ગેરકાયદેસર દારૂના નેટવર્ક કે ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે કે કેમ, તે દિશામાં પણ પોલીસ દ્વારા ઝીણવટભરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

## કમાટીબાગ પાસે બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે ટક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા,

વડોદરામાં ફરી એકવાર બેફામ વાહનચાલનને કારણે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. શહેરના કમાટીબાગ નજીક મોડી રાત્રે એક બાઈક અને એક્ટિવા વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતાં બંને વાહનોના ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, બંને વાહનો ઝડપથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સામસામે અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું અને ચાલકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતનો મોટો અવાજ સંભળાતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક મદદ પૂરી પાડી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્તોની ઓળખ અને તેમની તબિયત અંગે વધુ વિગતોની રાહ જોવામાં આવી રહી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માત અંગેની પ્રાથમિક તપાસ શરૂ કરી છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે આસપાસના ઝઝ્ફ ફૂટેજ, વાહનોની સ્થિતિ અને અન્ય પુરાવાની તપાસ કરવામાં આવી રહી છે. વાહનોની વધુ ઝડપ, બેદરકારીપૂર્વકનું ડ્રાઈવિંગ અથવા અન્ય કોઈ કારણ જવાબદાર હતું કે નહીં તે અંગે પણ તપાસ ચાલી રહી છે. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે કમાટીબાગ અને આસપાસના વિસ્તારોમાં રાત્રિના સમયે ઘણા વાહનો વધુ ઝડપે દોડતા હોય છે, જેના કારણે અકસ્માતોનું જોખમ સતત વધી રહ્યું છે. તેમણે ટ્રાફિક પોલીસ દ્વારા વધુ પેટ્રોલિંગ, સ્પીડ મોનિટરિંગ અને નિયમોના કડક અમલની માંગ કરી છે.

# તપનો મહિમાઃ આત્મશુદ્ધિથી આત્મકલ્યાણ સુધી

લેખકઃ ભાગવત કથાકાર પ્રજ્ઞાચક્ષુ ડૉ. કૃણાલ જોશી

આપણા સનાતન ધર્મમાં તપનું અનન્ય મહત્વ છે. રામાયણમાં એક પ્રસંગ આવે છે. દેવર્ષિ નારદજીએ હિમાચલ મહારાજને પાર્વતી માતાજીના ભવિષ્ય વિશે જણાવ્યું હતું. ત્યારે તેમણે કહ્યું હતું કે, "તમારી પુત્રી દરેક યુગમાં પૂજાશે. ઉમા, અંબિકા વગેરે સ્વરૂપે તેનું પ્રાગટ્ય થશે. પરંતુ જો તે તપ કરશે, તો તેને મહાદેવજી પતિરૂપે પ્રાપ્ત થશે."

દેવર્ષિ નારદજી વિદાય થયા પછી પાર્વતી માતાજીને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક બ્રાહ્મણે તેમને તપનું મહત્વ સમજાવ્યું. તેમણે કહ્યું, "હે દેવી! આ સમગ્ર સૃષ્ટિ તપના પ્રભાવથી જ ચાલે છે. બ્રહ્માજી તપના બળે સૃષ્ટિનું સર્જન કરે છે, ભગવાન વિષ્ણુ તપના પ્રભાવથી તેનું પાલન કરે છે અને મહાદેવજી તપના બળે સંહાર કરે છે. ભગવાન શેષનારાયણ સમગ્ર પૃથ્વીને પોતાના મસ્તક પર ધારણ કરે છે, તેમાં પણ તપની જ શક્તિ છે. તેથી હે દેવી! તમે મહાદેવજીને પ્રાપ્ત કરવા તપ કરો."

પાર્વતી માતાજીએ કઠોર તપસ્યા કરી. આપણા પ્રાચીન લગ્નગીતોમાં પણ નવદંપતીને આશીર્વાદ આપતી વખતે ગવાય છેઃ

"આ વર-કન્યાનું સુંદર જોડું, અહો પ્રભુજી અમર રહો;
જ્યારે પાર્વતીએ તપ કર્યા, ત્યારે શંકર સરખા સ્વામી મળ્યા."

આશીર્વાદરૂપે નવદંપતીને ઉમા-મહેશ્વર જેવું અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય તેવી શુભકામના આપવામાં આવે છે. આમ, પાર્વતી માતાજીએ તપ કર્યું ત્યારે જ તેમને ભગવાન શિવ પતિરૂપે પ્રાપ્ત થયા. આ સમગ્ર પ્રસંગ રામચરિતમાનસના બાલકાંડમાં સુંદર રીતે વર્ણવાયો છે.

શાસ્ત્રોમાં તપના વિવિધ સ્વરૂપો જણાવવામાં આવ્યા છે. પ્રાચીન સમયમાં ઋષિ-મુનિઓ જે કઠોર તપસ્યા કરતા હતા, તેવી તપસ્યા આજના સમયમાં દરેક માટે શક્ય નથી. પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતાના સત્તરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને તપનું સરળ સ્વરૂપ સમજાવે છે. તેઓ કહે છે કે, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એ મનનું તપ છે. એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોને સંયમમાં રાખવી એ જ સાચી તપસ્યા છે.

જો તેનો સરળ ભાવાર્થ સમજીએ તો, પોતાની વાણીથી કોઈના હૃદયને ઠેસ ન પહોંચાડવી એ સૌથી મોટી તપસ્યા છે. કહેવાય છેઃ

"જેની જીભમાં અમી, તેને સમગ્ર દુનિયા નમી."

એવા વચનો ક્યારેય ન બોલવા જોઈએ, જેનાથી કોઈનું મન દુઃખાય. મધુર વાણી પણ તપનું એક સ્વરૂપ છે.



તે જ રીતે હંમેશાં સ્વાધ્યાયપરાયણ રહેવું, એટલે કે સારા ગ્રંથોનું વાંચન, સારા વિચારોનું ચિંતન અને સત્કર્મોમાં જોડાયેલા રહેવું પણ તપસ્યા છે. આપણા શાસ્ત્રોમાં સત્કર્મના અનેક સ્વરૂપો વર્ણવ્યા છે—કોઈનું ભલું કરવું, સારું વિચારવું, સારું જોવું, સારું સાંભળવું અને સારું બોલવું—આ બધું તપસ્યાના જ સ્વરૂપો છે.

ભગવાને આપણને શક્તિ આપી છે, પરંતુ તેનો સદુપયોગ કેવી રીતે કરવો તે આપણી બુદ્ધિ પર આધારિત છે. ભગવાને આંખો આપી છે, પરંતુ શું જોવું તે આપણે નક્કી કરવાનું છે. ભગવાને કાન આપ્યા છે, પરંતુ શું સાંભળવું તે આપણે વિચારવાનું છે. ભગવાને જીભ આપી છે, પરંતુ શું બોલવું તે આપણે નક્કી કરવાનું છે. ભગવાને પગ આપ્યા છે, પરંતુ ક્યાં જવું તે પણ આપણે જ નક્કી કરવાનું છે. ભગવાને આપેલી શક્તિનો સદુપયોગ કરવો એ જ સાચી તપસ્યા છે.

આપણામાં અને પ્રાચીન ઋષિ-મુનિઓમાં એક જ તફાવત છે. તેઓ બાર વર્ષ સુધી તપસ્યા કરતા હતા, જ્યારે આજનો માણસ ઘણીવાર બાર મિનિટમાં જ તપી જાય છે. તેથી શાસ્ત્રો કહે છે કે ક્રોધને જીતવો પણ તપસ્યા છે.

ભગવાન બુદ્ધનો એક પ્રસંગ યાદ આવે છે. એક વ્યક્તિએ તેમનું અપમાન કર્યું. ત્યારે ભગવાન બુદ્ધે શાંતિથી કહ્યું, "હે ભાઈ! તમે મને અપમાનની ભિક્ષા આપી, પરંતુ મેં ઘણા સમયથી ભિક્ષા લેવાનું જ બંધ કરી દીધું છે." આ પ્રસંગમાંથી તેમની સહનશીલતા અને ક્ષમાશીલતા પ્રગટ થાય છે. સહન કરવું પણ એક મહાન તપ છે. કોઈ આપણને દુઃખ આપે છતાં આપણે તેનું કલ્યાણ વિચારીએ, એ સર્વોત્તમ તપસ્યા છે.

સ્વાધ્યાય પણ તપનું મહત્વપૂર્ણ સ્વરૂપ છે. સ્વાધ્યાય એટલે જીવનભર વિદ્યાર્થી બનીને કંઈક નવું શીખવાની જિજ્ઞાસા જાળવી રાખવી. રવીન્દ્રનાથ ટાગોરે ભગવાન પાસે પ્રાર્થના કરી હતીઃ

"હે પ્રભુ! જ્યારે મારા જીવનની અંતિમ ક્ષણ આવે, ત્યારે મારા હાથમાં એક પુસ્તક હોય."

આ પ્રાર્થના આપણને શીખવે છે કે સ્વાધ્યાય ક્યારેય છોડવો નહીં. ઉપનિષદોમાં પણ સ્પષ્ટ કહ્યું છે કે સ્વાધ્યાયમાં ક્યારેય આળસ ન કરવી. કલિયુગમાં તપસ્યાના અનેક સ્વરૂપો છે. જો આપણે આ બધા સ્વરૂપોને જીવનમાં ઉતારીશું, તો તપસ્યાનો સાચો અર્થ સમજી શકીશું. આપણે યાદ રાખવું જોઈએ કે હું તપ કરવા બેઠો છું, લપ કરવા નહીં. મહર્ષિ પતંજલિએ પોતાના યોગસૂત્રોમાં પણ જણાવ્યું છે કે જપ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અહીં સિદ્ધિનો અર્થ છે—ભગવાનના ચરણોમાં અખંડ પ્રેમની પ્રાપ્તિ. એ દિવ્ય પ્રેમની અનુભૂતિ આપણને પણ થાય, એવી પરમાત્મા પાસે પ્રાર્થના.

# સુરત માટે હવે કુલ ૧૦૫૦ કરોડનું રાહત પેકેજ મંજૂર

સુરત, તા.૧૫

તારીખ ૬ જુલાઈના રોજ સુરત શહેરમાં ખાબકેલા અતિ ભારે વરસાદને કારણે ચારેય તરફ પાણી ફરી વળ્યા હતા. આ પૂર હોનારતને લીધે સુરતીઓને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન અને અગવડતાઓનો સામનો કરવો પડ્યો હતો. આ મુશ્કેલ સમયમાં સુરતવાસીઓની વહારે આવીને રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. આજે મળેલી કેબિનેટ બેઠકમાં પૂર પીડિતો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે સહાય પેકેજ મંજૂર કર્યું છે, જેની સત્તાવાર જાહેરાત ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક ખાસ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કરી હતી. રાજ્યમાં ભારે વરસાદને કારણે જે કોમર્શિયલ વિસ્તારોમાં નુકસાન થયું છે, ત્યાં આ સહાય પેકેજ લાગુ કરવામાં આવશે. સુરતમાં ભવિષ્યમાં ફરીથી આવી પૂરની પરિસ્થિતિ ન સર્જાય તે માટે અત્યારથી જ નક્કર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.







Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009. Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.